જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૬/03/૨૦૨૩  રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૫૧૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૧૭૪ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧૯ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૫૧૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ-  સમાચાર યાદી નં.૫૧૮/૨૦૨૩

**નરોડાઃ** શૈલેષભાઇ ધર્મદેવ યાદવ (રહે.બેંજો શેઠની ચાલી, અમૃત ગેસ્ટહાઉસના ખાંચામા એટકો ટાઇલ્સ કંપની પાછળ, ફેઝ-૧ જી.આઇ.ડી.સી.નરોડા) એ તા.૨૫/03/૨૦૨3 ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/03/૨૦૨3 સવારના ૮/3૦ થી તા.૨3/03/૨૦૨3 સવારના ૮/3૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની પેટીમાંથી સોનાની ચેઇન, મોબાઇલ ફોન, એલ.ઈ.ડી.ટી.વી., સી.સી.ટી.વી. કેમેરાનુ ડી.વી.આર, સેટઅપ બોક્સ, હોમ થિયેટર અને રોકડ રૂપિયા ૧૨,000/- મળી કુલ રૂપિયા ૬૬,૫00/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી